**પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**કેન્દ્રીય પ્રવેશ સમિતિ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સને ૨૦૨૬-૨૭ ના**
**પ્રથમ વર્ષ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed ) (પી.ટી.સી.)**
**પ્રવેશ અંગેની જાહેરાત**

રાજયમાં આવેલ એન.સી.ટી.ઇ. દ્રારા માન્યતા પ્રાપ્ત સરકારી/બિનસરકારી અનુદાનિત અને સ્વનિર્ભર અધ્યાપન મંદિરો /જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં ગુજરાતી/હિન્દી/ઉર્દુ/મરાઠી અને અંગ્રેજી માધ્યમમાં ચાલતા બે વર્ષના પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં **(D.EL.ED)** અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ઓનલાઇન વેબસાઇટ **ptc.dpegujarat.in અથવા dpegujarat.in** પર તા.૨૪/૦૬/૨૦૨૬ સવારના ૧૦.૦૦ કલાક થી તા. ૦૫/૦૭/૨૦૨૬ (રવિવારની રજા સાથે) રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવે છે. ઓનલાઇન પ્રવેશ ફોર્મની હાર્ડકોપી આધાર-પુરાવા સાથે ચકાસણી કરાવી સ્વીકાર કેન્દ્ર પર જરૂરી ફી ભરી ફોર્મ જમા કરાવી પહોચ મેળવી લેવાની રહેશે નક્કી કરેલ સ્વીકાર કેન્દ્રની યાદી જિલ્લા વાર વેબ સાઇટ **ptc.dpegujarat.in અથવા dpegujarat.in** પર મૂકવામાં આવેલ છે.અરજદારે પોતાની નજીકના અથવા ઇચ્છે તે સ્વીકારકેન્દ્ર પર પુરાવા સાથે ચકાસણી કરાવી ફોર્મ જમા કરાવવાનાં રહેશે.

સ્વનિર્ભર સંસ્થાઓની તેમની મેનેજમેન્ટ ક્વોટાની ૧૫ ટકા સીટો શિક્ષણ વિભાગના તા ૦૫/૦૭/૨૦૧૨ ના ઠરાવની જોગવાઈ મુજબ ભરવામાં આવશે અને તે અંગેની સૂચનાઓ યથાપ્રસંગે વેબસાઇટ પર મૂકવામાં આવશે.

(૧) **<u>પ્રવેશ માટે જરૂરી લાયકાતઃ</u>-** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ,વ્યવસાયલક્ષી અને ઉતર બુનિયાદી પ્રવાહમાં ઉત્તીર્ણ કરેલ હોવી જોઇશે અથવા ડિપ્લોમા કે આઈટીઆઈમાં ઉત્તીર્ણ થયેલા વિધ્યાર્થીઓ પ્રવેશ પાત્ર ગણાશે પણ તેઓએ **GSHSEB** દ્વારા સમક્ષકતા પ્રમાણ પત્ર મેળવેલ હોવું જોઈશે અને આઈટીઆઈ કરેલા વિધાર્થીઓએ **GSHSEB** દ્વારા અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલા હોવા જોઈશે.

(૨) **<u>પ્રવેશ માટે લઘુતમ ગુણઃ</u>-** ઉમદવારે ધોરણ-૧૨માં નિયત કરેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઇએ પરંતુ અનામત કક્ષાઓ જેવી કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારે ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ મેળવેલા હોવા જોઇએ.

(૩) **<u>પ્રવેશનું માધ્યમઃ</u>-** ઉમેદવાર ધોરણ -૧૦ અથવા ધોરણ-૧૨નું શિક્ષણ જે માધ્યમમાંથી મેળવેલ હોય તે પૈકી કોઇ પણ માધ્યમમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકશે.

(૪) **<u>વયમર્યાદાઃ- જે ઉમેદવારો</u>** તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ ૩૦ વર્ષથી વધુ ઉમરના ન હોય તેવા તમામ ઉમેદવારો પ્રવેશપાત્ર ગણાશે. અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચના) તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે ઉમરમાં ૫ વર્ષની છૂટછાટ રહેશે.

(૫) **<u>અનામત બેઠકો</u>**:- અનુસૂચિત જાતિ ૭ %, અનુસૂચિત જનજાતિ ૧૫ % વિકલાંગ ઉમેદવારો માટે જે તે કેટેગરીમાં ૫ % બેઠકો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે ૨૭ % અનામત રહેશે તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે ૧૦% બેઠકો અનામત રહેશે.

(૬) **<u>NCTE માન્ય સંસ્થાઓ માટે</u>:** વર્ષ ૨૦૨૬-૨૭ માટે **(D.EL.ED)** અભ્યાસ ક્રમ ચલાવવા **NCTE** ની વેબસાઇટ પર માન્ય સંસ્થાની યાદીમાં નામ જાહેર થયેલ હોય તેવી સંસ્થાઓએ **dpe.gujarat.gov.in** પર પીટીસી વિભાગમાં મુકેલ નિયત પત્રકમાં માહિતી ભરી કચેરીના ઈમેઈલ **ptc.guj@gujarat.gov.in** પર તા 30/06/2026 સુધીમાં જો પ્રવેશ પ્રકિયામાં ભાગ લેવા ઇચ્છતા હોય તો દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

રાજયમાં આવેલ એન.સી.ટી.ઈ માન્યતા પ્રાપ્ત તમામ સંસ્થાઓને લગત તથા ઉમેદવારોને પ્રવેશ સંબંધી જરૂરી સૂચનાઓ નિયમો વેબ સાઈટ મુકવામાં આવેલ છે. તથા જરૂરીમાહિતી યથાપ્રસંગે વેબ સાઈટ પર મૂકવામાં આવશે તેથી ડી.એલ.એડ પ્રવેશ પ્રકિયા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી સંબંધિત તમામે વેબસાઈટ જોતા રહેવા વિનંતી કરવામાં આવે છે.

તારીખઃ- ૨૧/૦૬/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર.

(પી.કે.ત્રિવેદી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.